Extra No. 233

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, JULY 1, 2025 / ASHADHA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૨૦૨૫

તારીખઃ ૧લી જુલાઇ, ૨૦૨૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૫ના ગુજરાત વટહુકમ ક્રમાંકઃ ૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૨૦૨૫

GUJARAT ORDINANCE NO. 2 OF 2025.

AN ORDINANCE

further to amend the Factories Act, 1948 in its application to the State of Gujarat.

સન ૨૦૨૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક: ૨.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલી સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વટહુકમ.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ડ)ની જોગવાઈથી રાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ એવી અસાધારણ પરિસ્થિતિ ઉભી થઈ હોવાને કારણે, રાજ્ય સરકાર, આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, રાષ્ટ્રીય હિતમાં નવી પરિયોજનાઓમાં રોકાણ આકર્ષવા અને રોજગારી ઉભી કરવા કારખાનાઓને રાહત આપવા ઈચ્છે છે; **સન ૧૯૪૮નો ૬૩મો.**

અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; **સન ૧૯૪૮નો ૬૩મો.**

અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ની ખંડ (૧)ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની સૂચના મેળવી છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ વટહુકમ કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૯૪૮નો ૬૩મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, કારખાના અધિનિયમ, ૧૯૪૮ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમો ૩ થી ૮માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે. **સન ૧૯૪૮નો ૬૩મો.**

૩. **સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૪નો સુધારો**:- મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન કલમ ૫૪ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ કલમમાં નિર્દિષ્ટ કરેલા કામના દૈનિક મહત્તમ કલાકોને, આવા કામ માટે આવા કર્મચારી (કામદાર)ની લેખિત સંમંતિને અધીન રહીને, પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોએ, કારખાનાના કોઈ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં કલમ ૫૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કોઈપણ અઠવાડીયામાં મહત્તમ અડતાળીસ કલાકને અધીન રહીને, કોઈપણ દિવસમાં આરામ માટેના અંતરાલ સહિત બાર કલાક સુધી લંબાવી શકશે અને કર્મચારી (કામદાર) માટે સદરહુ અઠવાડીયાના બાકીના દિવસો પગાર સાથેની (સવેતન) રજાઓ રહેશે.".

૪. **સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૫નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૫માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૩) પેટા-કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૫૪ની પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલા કામના કલાકોમાં છૂટછાટની જોગવાઈને કારણે પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોને અધીન રહીને, કારખાનાના કોઈપણ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં કામદારના કામના કલાકોની કુલ સંખ્યા અંતરાલ વિના છ કલાક સુધી લંબાવી શકશે.".

૫. **સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૬નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન કલમ ૫૬ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૫૪ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા કામના કલાકોમાં છૂટછાટની જોગવાઈને કારણે પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોને અધીન રહીને કારખાનાના કોઈપણ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં તેના આરામ માટેના અંતરાલ સહિત કામના કલાકોનો ગાળો ૧૨ કલાક સુધી લંબાવી શકશે.".

૬. **સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૯નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૯માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧) કોઈ કારખાનામાં કામદાર,-

(૧) કોઈ દિવસે નવ કલાક કરતાં વધુ કામ કરે અથવા કોઈ અઠવાડિયામાં અડતાલીસ કલાક કરતાં વધુ કામ કરે, કોઈ અઠવાડિયામાં છ દિવસ કામ કરતો હોય ત્યારે;

(૨) કોઈ દિવસે દસ કલાક કરતાં વધુ કામ કરે અથવા કોઈ અઠવાડિયામાં અડતાલીસ કલાક કરતાં વધુ કામ કરે, કોઈ અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરતો હોય ત્યારે;

(૩) કોઈ અઠવાડિયામાં ચાર દિવસ કામ કરતો હોય, ત્યારે કોઈ દિવસે સાડા અગિયાર કલાક કરતાં વધુ કામ કરે અથવા સવેતન રજાના દિવસે કામ કરે ત્યારે;

ઓવરટાઈમના સંબંધમાં, તે તેના વેતનના સામાન્ય દરથી બમણા દરે વેતન મેળવવાને હકદાર રહેશે.".

૭. **સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૬૫નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં, પેટા-કલમ (૩)માં,

(૧) ખંડ (૪)માં, "પંચોતેર" એ શબ્દોને બદલે, "એકસો પચીસ" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૪) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(૫) કામદાર ઓવરટાઈમ કામ માટે આવા કામદારની લેખિત સંમતિને અધીન રહીને તેને આવું કામ કરવા ફરમાવી શકાશે.".

૮. **સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૬૬નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬ની પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

"(૧) કારખાનામાં કામ કરતી મહિલાઓને લાગુ પડતી આ પ્રકરણની જોગવાઈઓની પૂરક જોગવાઈઓ તરીકે નીચેના વધુ નિયંત્રણો રહેશે:-

(ક) કોઈ મહિલાને સવારના ૬ કલાકથી સાંજના ૭ કલાક સુધીના સમય વચ્ચેનો હોય તે સમય સિવાય કારખાનામાં કામે રાખી શકાશે નહિ અથવા કામ કરવાની છૂટ આપી શકાશે નહિ:

પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈ કારખાના અથવા કોઈ કારખાનાના જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં, નીચેની શરતોને અધીન રહીને સાંજના ૭ કલાકથી સવારના ૬ કલાક વચ્ચે મુક્તિ આપી શકશે:-

(૧) કામના સ્થળે, જાતીય સતામણીના કૃત્યોને રોકવાની અથવા અટકાવવાની અને જરૂરી તમામ પગલાં લઈને જાતીય સતામણીના કૃત્યોના નિરાકરણ, નિવેદન અથવા કાર્યવાહી માટેની પ્રક્રિયાઓ માટેની જોગવાઈ કરવાની, કામે રાખનાર (માલિક) અથવા અન્ય જવાબદાર વ્યક્તિઓની ફરજ રહેશે;

(૨) સીધી રીતે અથવા અભિપ્રેત હોય તેમ અનિચ્છનીય જાતીય નિર્ધારીત વર્તણૂક અથવા જાતીય તરફેણમાં આગળ વધવું અથવા સંપર્ક કરવો અથવા માંગ કરવી અથવા જાતીય બાબતને લગતી ટિપ્પણીઓ કરવી અથવા અશ્લીલ સાહિત્ય બતાવવું અથવા અશ્લીલતા અથવા જાતીય પ્રકૃતિના અન્ય કોઈ અનિચ્છનીય શારીરિક, મૌખિક અથવા બિન-મૌખિક સંપર્ક દર્શાવવા જેવા કોઈપણ સ્વરૂપની જાતીય સતામણી પર ઝડપી પ્રતિબંધ મૂકવો;

(૩) મહિલાઓ માટે કાર્યસ્થળો પર કોઈ પ્રતિકૂળ વાતાવરણ નથી અને કોઇપણ મહિલા કર્મચારીને પોતાની નોકરીના સંબંધમાં ગેરલાભ થાય છે એવું માનવા માટે તેણીને વાજબી કારણો ન હોવા જોઈએ તેવું વધુ સુનિશ્ચિત કરવા માટે કાર્યો, આરામ, આરોગ્ય અને સ્વચ્છતાના સંબંધમાં કામકાજની યોગ્ય પરિસ્થિતિઓ પૂરી પાડવી;

(૪) માલિકે, પોતે કારખાનામાં ફરિયાદ નિવારણ તંત્ર જાળવવાનું રહેશે અને સદરહુ તંત્રએ, ફરિયાદનો સમય-મર્યાદામાં ઉકેલ લાવવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે. આવા તંત્રએ, જરૂર હોય ત્યારે ગોપનીયતાની જાળવણી સહિત ફરિયાદ સમિતિ, વિશેષ સલાહકાર અથવા અન્ય સહાયક સેવાઓ પૂરી પાડવાની રહેશે;

(૫) મહિલા કર્મચારીઓને, કર્મચારીઓ (કામદારો)ની બેઠક (મીટિંગ) અને અન્ય યોગ્ય ફોરમમાં કર્મચારીઓને થતી જાતીય સતામણીના મુદ્દાઓ ઉઠાવવાની મંજૂરી આપવી જોઈશે;

(૬) માલિકે, માત્ર કારખાનાની અંદર જ નહિ પણ કારખાનાની આસપાસ અને મહિલા કર્મચારીઓ કામ દરમિયાન આવશ્યકતા અનુસાર બહાર નીકળે તેવા તમામ સ્થળોએ યોગ્ય લાઈટિંગ અને CCTV કવરેજ પૂરું પાડવાનું રહેશે. CCTV કવરેજ ઓછામાં ઓછા પિસ્તાળીસ દિવસ સુધી સંગ્રહિત કરવું (જાળવી રાખવું) જોઈશે;

(૭) માલિકે જોવું જોઈશે કે મહિલા કર્મચારીઓને દસ કરતાં ઓછા નહીં તેટલા સમૂહ (બેચ)માં નોકરીમાં રાખવામાં આવે;

(૮) રાત્રિ પાળી દરમિયાન એન્ટ્રી (પ્રવેશ) અને એક્ઝિટ પોઈન્ટ (બહાર નીકળવાના માર્ગ) પર મહિલાઓને પૂરતી સલામતી પૂરી પાડવાની રહેશે;

(૯) મહિલા કર્મચારીઓ માટે અગાઉથી આવી જવા માટે અને નોકરીના સમય પછી રોકાવાના કિસ્સામાં પૂરતી સંખ્યામાં વિશ્રામ ખંડો પૂરા પાડવાના રહેશે;

(૧૦) માલિકે, (રાત્રિ પાળી માટે) મહિલા કર્મચારીઓને તેમના રહેઠાણથી લાવવા અને પાછા મૂકી જવા માટે પરિવહન સુવિધા અને (મહિલા સલામતી ગાર્ડ સહિત) સલામતી ગાર્ડ્સ પૂરા પાડવાના રહેશે અને દરેક પરિવહન વાહન સીસીટીવી કેમેરા અને જીપીએસ (GPS)થી પણ સુસજ્જ હોવું જોઈશે;

(૧૧) રાત્રિ પાળી દરમિયાન, સુપરવાઇઝર શિફ્ટ-ઇન્ચાર્જ અથવા ફોરમેન અથવા અન્ય સુપરવાઇઝરી સ્ટાફના સંખ્યાબળના ૧/૩ કરતાં ઓછી નહીં તેટલી મહિલાઓ હોવી જોઈશે;

(૧૨) જ્યારે મહિલા કર્મચારીને દિવસની પાળીમાંથી રાત્રિ પાળીમાં અને તે જ રીતે રાત્રિ પાળીમાંથી દિવસની પાળીમાં બદલવામાં આવે ત્યારે છેલ્લી પાળીઓ અને રાત્રિ પાળી વચ્ચે, સળંગ બાર કલાકથી ઓછો નહિ તેટલો આરામ અથવા સમયાંતર (Gap) હોવો જોઈશે.

(૧૩) સંસ્થાએ, દરેક ડ્રાઇવરનો બાયો-ડેટા મેળવવાનો રહેશે અને પોતાની રીતે નોકરીમાં રહેલા તમામ ડ્રાઇવરોના પૂર્વ ઇતિહાસનું નોકરીમાં રાખતા પહેલાં સ્ક્રીનીંગ (ચકાસણી) હાથ ધરવાનું રહેશે. આઉટસોર્સિંગ મારફત નોકરીમાં રાખેલા ડ્રાઇવરના સંદર્ભમાં, કંપનીએ પોતાને સંતોષ થાય તે રીતે સુનિશ્ચિત કરવાનું રહેશે કે બાયો-ડેટાનું એકત્રિકરણ અને ડ્રાઇવરોના પૂર્વ ઇતિહાસનું નોકરીમાં રાખતા પહેલાંના સ્ક્રીનીંગ આઉટસોર્સિંગ, સેવા પૂરી પાડનાર દ્વારા હાથ ધરવામાં આવે;

(૧૪) મહિલા કર્મચારીઓના ટેલિફોન નંબર, ખાસ કરીને મોબાઈલ ફોન નંબર, ઈમેલ આઈડી અને તેમનું સરનામું અનધિકૃત વ્યક્તિઓ સમક્ષ જાહેર કરવા જોઇશે નહીં;

(૧૫) અવરજવરના માર્ગોની એવી રીતે સાવચેતીપૂર્વક પસંદગી કરવાની રહેશે કે કોઈપણ મહિલા કર્મચારીઓને સૌ પ્રથમ લઇ અને તેમને છેલ્લે ઉતારવામાં ન આવે; અને

(૧૬) કોઈપણ મહિલા કર્મચારી માટે રાત્રિ પાળીઓમાં કામ કરવાનું ફરજિયાત અથવા અનિવાર્ય કરવું નહીં. રાત્રિ પાળીઓમાં કામ કરવા ઇચ્છતી મહિલા કર્મચારીઓ પાસેથી લેખિત સંમતિ મેળવવાની રહેશે.

(૧૭) મહિલાઓની સલામતીના હિતમાં રાજ્ય સરકાર ઠરાવે તેવી અન્ય કોઈપણ શરત(ઓ).

(ખ) સાપ્તાહિક રજા અથવા અન્ય કોઈ રજા પછી હોય તે સિવાય પાળીઓમાં કોઈપણ ફેરફાર કરવો જોઈશે નહિ.".

નિવેદન

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલી સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક: ૬૩)ને,-

(૧) વધુ આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારની તકો ઊભી કરવા માટે, રાજ્ય સરકારને, કોઈપણ અઠવાડિયામાં મહત્તમ ૪૮ કલાકના કામના કલાકોની સંખ્યાને અધીન રહીને, કામના કલાકોની સંખ્યા કોઈપણ દિવસે આરામના ગાળા સહિત પ્રવર્તમાન નવ કલાકથી બાર કલાક સુધી વધારવાની પરવાનગી આપવા;

(૨) રાજ્ય સરકારને, કામના કલાકોમાં સુગમતાની જોગવાઈઓને લીધે કામના દરરોજના મહત્તમ કલાકોનો સમય વધારવાની અનુકૂળતા માટે, કોઈપણ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના કારખાનામાં કોઈ કામદારને કામના કલાકોની કુલ સંખ્યા છ કલાક સુધી આરામ વગર વધારવાની પરવાનગી આપવા;

(૩) રાજ્ય સરકારને, જેની ઉપર કામદારને ઓવર-ટાઈમ કામના સંબંધમાં તેના વેતનના સામાન્ય દર કરતા બમણા દરે વેતન ચૂકવવાપાત્ર હોય તેવા કોઈપણ દિવસના અથવા કોઈપણ અઠવાડિયાના કામના કલાકો ઠરાવવાની પરવાનગી આપવા;

(૪) કામના અસાધારણ ભારણને પહોંચી વળવા માટે, કારખાનામાં, ત્રિમાસના સમયમાં વધારાના સમયગાળા માટે કામદારોને ઓવર-ટાઈમ રોકવાની પરવાનગી આપવા;

(૫) સમાનતા અને કામ (રોજગાર) તેમજ વેતનની સમાન તક પૂરી પાડવા માટે, મહિલા કામદારોને ઓવર-ટાઈમ નોકરીમાં રોજગાર આપવા અને રાતપાળીમાં કામ કરતી મહિલા કામદારોની સલામતી અને આરોગ્યને સુનિશ્ચિત કરવાની શરતોને અધીન રહીને, રાતપાળીમાં કામ કરવા ઇચ્છતી હોય તેવી મહિલા કામદારોની લેખિત સંમતિ મેળવીને, મહિલાઓને ચોવીસ કલાક રોજગાર મળી રહે તે માટે પણ;

-સુધારવો જરૂરી જણાયું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા, સદરહુ કેન્દ્રીય અધિનિયમ સુધારવા, કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૫, પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર. **આચાર્ય દેવવ્રત,**

તારીખ: ૩૦મી જૂન, ૨૦૨૫. ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડૉ. વિનોદ રાવ,

સરકારના અગ્ર સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.02 17:46:07 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar